RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 304, Dt.13-02-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ખેડૂતોની દિલ્હી કૂચ રોકવા બળ પ્રયોગથી વિસ્ફોટક સ્થિતિ



## સરકાર અને કિસાનો વચ્ચે બેઠક અનિર્ણિતઃ ખેડૂતોની દિલ્હી તરફ કૂચઃ હરિયાણા સહિતની બોર્ડરો કરાઈ સીલઃ હજારો ખેડૂતો પર અશ્રુવાયુઃ ભારે તણાવની સ્થિતિ, ખેડૂતોએ બેરીકેડ તોડી આગળ વધવા પોલીસના વાહનોને પણ નિશાન બનાવ્યાઃ અમિત શાહ તાકીદે ગુજરાતના કાર્યક્રમો રદ કરી દિલ્હી જવા રવાના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટેકાના ભાવને કાનૂની પીઠબળ આપવા સહિતની માંગણીઓ સાથે આજે દિલ્હી કૂચ કરી રહેલા ખેડુતોને આગળ વધતા અટકાવવા હવે પ્રથમ વખત આંદોલનકારીઓ પર બળપ્રયોગ કરવામાં આવે તેવી શકયતા છે અને પોલીસે હરિયાણાની શંભુ બોર્ડર પર પહોંચેલા હજારો ખેડુતો પર ટિયરગેસ છોડતા જ જબરો તનાવ વ્યાપી ગયો છે અને હાલ ખેડૂતો બેરીકેડ તોડીને આગળ વધી રહ્યા છે.

પંજાબના ફતેહગઢથી સાહીબથી નીકળેલા ખેડુતો પર હરિયાણા પોલીસે અશ્રુવાયુ છોડયો હતો જેના કારણે તનાવ વધી ગયો છે. ખેડૂત નેતા સર્વનસિંહ પંઢેરના જણાવ્યા મુજબ સરકાર અમારી સાથે દુશ્મનો જેવો વ્યવહાર કરી રહી છે.

ખેડૂત આંદોલનના કારણે દિલ્હીમાં પણ જબરો તનાવ છે અને તકેદારી રૂપે બે મેટ્રો સ્ટેશનો તાત્કાલીક બંધ કર્યા છે અને અનેક માર્ગો પર ટ્રાફીક રોકી દીધો છે. પંજાબ બોર્ડર પરથી નીકળેલા ખેડુતોને અટકાવવા હરિયાણા પોલીસે પંદર જીલ્લાઓમાં ટ્રેક્ટર ટ્રોલી સહિતના કૃષિ વાહનોના આવાગમન પર પ્રતિબંધ મુકી દીધો છે અને દિલ્હીમાં ખેડુતો પહોંચે નહી તે માટે પાટનગરની આસપાસ પણ જબરો બંદોબસ્ત લાદી દેવાયો છે. આ પહેલાં ચંદીગઢમાં કેન્દ્રીય પ્રધાનો પીયૂષ ગોયલ અને અર્જુન મુંડા સાથે ખેડૂત સંગઠનોની સાડા પાંચ કલાકની બેઠક અનિર્ણિત રહી. ખેડૂતોનું કહેવું છે કે તેમની દિલ્હી કૂચ ચાલુ રહેશે. ખેડૂતો કોઈપણ કિંમતે MSP સાથે સમાધાન કરવા તૈયાર નથી. ખેડૂતોનું કહેવું છે કે સરકાર તેમની માંગણીઓ પર ગંભીર નથી. કિસાન મજદૂર મોરચાનું કહેવું છે કે સરકાર અમારી માંગણીઓ પર ગંભીર નથી. સરકારનું મન ખરાબ છે, તેઓ અમને કંઈ આપવા માંગતા નથી. મંગળવારે સવારે ૧૦ વાગ્યાથી ખેડૂતો આગળ વધશે. ખેડૂતોએ ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું પણ એલાન આપ્યું છે.દિલ્હી પોલીસના ઈન્ટેલિજન્સ રિપોર્ટ અનુસાર ૧૩ ફેબ્રુઆરીએ યોજાનારી નદિલ્હી ચલો માર્ચથમાં લગભગ ૨૦ હજાર ખેડૂતો ૨૫૦૦ ટ્રેક્ટરમાં દિલ્હી પહોંચી શકે છે. હરિયાણા અને પંજાબના અનેક સરહદી વિસ્તારોમાં દેખાવકારો હાજર છે. આ વિરોધીઓ દિલ્હીમાં પ્રવેશવા માટે તૈયાર છે.

## ૨૦૨૩માં આરબીઆઈની સોનાની ખરીદી છેલ્લા છ વર્ષમાં સૌથી નીચા સ્તરે રહી

**મુખ્ય સમાચાર, મુંબઈ**




૨૦૨૩ માં રીઝર્વ બેન્કની સોનાની ખરીદી છેલ્લા છ વર્ષનાં સૌથી નીચા સ્તરે રહી હતી. અમેરિકાનાં મજબુત ડોલર સામે ૨૦૧૭ થી રીઝર્વ બેન્કે સોનું ખરીદવાનું શરૂ કર્યુ હતું. ડીસેમ્બર ૨૦૧૭ માં ૦.૦૪ મીલીયન ટ્રોય ઔંશની ખરીદી કરવામાં આવી હતી અને ત્યારે સોનાનો સ્ટોક ૧૭.૯૪ મીલીયન ટ્રોય ઔંશ પર પહોંચ્યો હતો.

૨૦૨૩ માં રીઝર્વ બેન્કનો સોનાનો સ્ટોક ૦.૫૨ મીલીયન ટ્રોય ઔંશ વધીને ૨૫.૮૪ મીલીયન ટ્રોય ઔંશ થયો છે. ડીસેમ્બર ૨૦૨૨ માં તે ૨૫.૩૨ મીલીયન ટ્રોય ઔંશ હતો (એક ટ્રોપ ઔંશ એટલે અંદાજીત ૩૧.૧૦ ગ્રામ થાય છે)

સોનાના ઉંચા ભાવને કારણે રીઝર્વ બેંકે સોનાની ખરીદીમાં કાપ મુકયો હોવાનું માનવામાં આવે છે.વિશ્વનાં અન્ય અનેક દેશોએ પણ સમાન વલણ અપનાવ્યુ હતુ.વિદેશી હુંડીયામણ અનામતમાં વૈવિધ્યકરણનાં ભાગરૂપે ડીસેમ્બર ૨૦૧૭ થી રીઝર્વ બેન્કે સોનાનો સ્ટોક કરવાનું શરૂ કર્યું હતું.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સોનાની ખરીદીમાં માત્ર મૂડી વળતરની આશા હોય છે. રીઝર્વ બેન્કે ડોલરની પણ કોઈ મોટી ખરીદી કરી ન હતી એટલે સોનામાં કાપ મુકયો હોવાની શકયતા છે.બેંક ઓફ બરોડાનાં વડા અર્થશાસ્ત્રી મદન સબનવીસનાં કહેવા પ્રમાણે એવૂ બની શકે કે ડોલરની અનામતના ધોરણે રીઝર્વ બેન્કે સોનાની ખરીદીમાં ફાળવણી નિયત કરી હતી સોનાના ઉંચા ભાવને કારણે ખરીદીની માત્રા નીચી રહી હોઈ શકે.રિઝર્વ બેન્કે નવેમ્બરના અર્ધ વાર્ષિક રિપોર્ટમાં એવુ જાહેર કર્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૩ ની સ્થિતિએ ૮૦૦.૧૯ ટન સોનુ હતુ (તેમાં ૩૯.૮૯ ટન ડીપોઝીટના સોનાનો સમાવેશ થતો હતો) ૩૮૮.૪૬ ટન બેંક ઓફ ઈંગ્લેન્ડ તથા બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટની કસ્ટડીમાં હતુ.

## અલ નીનો નબળું પડતાં ચાલુ વર્ષે ચોમાસામાં સારા વરસાદની સંભાવના

### જૂન—ઓગસ્ટ સુધી લા નીનાની સ્થિતિ બનવાની શક્યતા : લા નીનાની સ્થિતિમાં વરસાદ સામાન્ય કરતા વધારે પડે છેઃ વિવિધ હવામાન એજન્સીઓની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

હવામાન વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ ૨૦૨૩ને અસહ્ય ગરમ વર્ષ બનાવ્યા પછી અલ નીનોની અસર ચાલુ વર્ષે જૂન સુધીમાં સમાપ્ત થઇ જશે. જેના કારણે ચાલુ વર્ષે ચોમાસામાં સારો વરસાદ પડવાની સંભાવના છે.

ઓછામાં ઓછા બે વૈશ્વિક કલાયમેટ એજન્સીઓએ ગયા સપ્તાહમાં જાહેરાત કરી હતી કે સમગ્ર વિશ્વના હવામાનને અસર કરનાર અલ નીનો નબળો પડવાનું શરૂ થઇ ગયું છે અને ઓગસ્ટ સુધી લા નીનાની સ્થિતિ બનવાની સંભાવના છે. અલ નીનો ભૂમધ્યરેખીય પ્રશાંત



મહાસાગરનું પાણી ગરમ થવાની પ્રક્રિયા છે.

ઘટનાક્રમ પર નજર રાખતા ભારતના હવામાન વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે જૂન—ઓગસ્ટ સુધી લા નીનાની સ્થિતિ બનવાનો અર્થ એ હોઇ શકે છે કે ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ ગયા વર્ષની સરખામણીમાં સારો રહેશે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૂર્વ સચિવ માધવન રાજીવને જણાવ્યું છે કે જૂન-જુલાઇ સુધી લા નીનાની સ્થિતિ બનવાની સારી સંભાવના છે. તેમણે જણાવ્યું હતું કે અલ નીનો, ઇએનએસઓ (અલ નીનો સાઉદર્ન ઓસ્સીલેશન) ન્યૂટ્રલ સ્થિતિમાં પરિવર્તિત થઇ જશે તો પણ ચાલુ વર્ષે ચોમાસુ ગયા વર્ષની સરખામણીમા સારો રહેશે.


ઉલ્લેખનીય છે કે ભારતના વાર્ષિક વરસાદમાં લગભગ ૭૦ ટકા દક્ષિણ પશ્ચિમ ચોમાસાથી થાય છે જે કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ છે. આ જીડીપીના લગભગ ૧૪ ટકા છે અને દેશની ૧.૪ અબજ વસ્તીમાંથી અડધાથી વધારેને રોજગારી આપે છે.

ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (આઇએમડી)ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડી શિવાનંદ પઇએ જણાવ્યું હતું કે હાલમાં અમે નિશ્ચિત રીતે કંઇ પણ કહી શકીએ તેમ નથી. કેટલાક મોડેલ લા નીનાનાં સંકેત આપે છે જયારે કેટલાક ઇએનએસઓ-ન્યૂટ્રલ દશાઓના સંકેત આપી રહ્યાં છે. જો કે તમામ મોડેલ અલ નીનો સમાપ્ત થવાના સંકેત આપી રહ્યાં છે.

## કાલે મહંતસ્વામી અને વડાપ્રધાન મોદીની હાજરીમાં અબુધાબી ખાતે બીએપીએસ મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**મુખ્ય સમાચાર, અબુધાબી**

એક મુસ્લિમ રાજા શેખ મોહમ્મદ બિન ઝાયેદએ ૨૭ એકર જમીન હિન્દુ સંસ્કૃતિની ઝાંખી આપતું ભવ્ય BAPS મંદિર બનાવા દાન આપી અને ખ્રિસ્તી આર્કીટેક, શીખ મેનેજર, બુદ્ધિસ્ટ એન્જીનીર,પારસી કોન્ટ્રાકટર, જૈન ડિરેક્ટર એ બનાવ્યું દુનિયાની અજાયબી સમાન ઇઅડજ હિન્દુ મંદિર. આ વાત છે ૫ એપ્રિલ ૧૯૯૭ની જ્યારે પુ. પ્રમુખ સ્વામી મહારાજએ અબુધાબીના વિરાન રણમા હિન્દુ મંદિર બનાવાનો સંકલ્પ કર્યો.





૧૦ ફેબ્રુઆરી ૨૦૧૮એ અબુ ધાબીના પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ એ જમીન આપી, અને શરૂ થયું મંદિર નિર્માણનું ભગીરથ કાર્ય. ૨૦ એપ્રિલ ૨૦૧૯ ના પુ. મહંતસ્વામીએ ફન્ડેશન સ્ટોન મુક્યો અને આવતીકાલેએ પ્રમુખસ્વામી મહારાજનું સ્વપન સાકાર થશે. ભારતના યશશવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સાથે પુ. મહંતસ્વામી મહારાજ કરશે આ ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા અને ઉદ્દઘાટન.

આ સમગ્ર મંદિરમા સૌથી મોટુ આકર્ષણ છે વોલ ઓફ હાર્મોની જે સ્પોન્સર કરી છે દ્વાઊદી વોરા સમાજના મિત્રોએ, જેમાં વાસુદેવ કુટુંબકમની ઝાંખીના દર્શન થશે. વિશ્વભરની વિવિધ ભાષા અને સંસ્કૃતિ આ વોલ ઓફ હાર્મોનીમા દર્શાવેલ છે.


આ મંદિરની વધુ એક ખાસિયત એ છે કે ભારતની ૩ મુખ્ય પવિત્ર નદી ગંગા, જમુના અને સરસ્વતી નું પાણી અહીંયા લાવવામા આવ્યું છે અને મંદિરની ફરતે ઝરણાંની જેમ વહે છે. મંદિરમા મુખ્ય ૭ મંદિર આવેલ છે જેમાં ભગવાન અક્ષરપુરષોતમ, ભગવાન કૃષ્ણ અને રાધા, ભગવાન રામ અને સીતા માતા, ભગવાન શંકર અને માતા પાર્વતી, ભગવાન જગ્ગાનાથ, ભગવાન આયપ્પા, અને ખાસ તિરૂપતિમા બનાવેલ ભગવાન તિરૂપતિ બાલાજીના મંદિર આવેલ છે.

## LPG અને PNG પછી અઢળક LNG : ભારતે કરાર સાથે કરેલો દુનિયાનો સૌથી મોટો સોદો

### ચીનની 'આઇનો પેક' અને 'કતાર એનર્જી' વચ્ચે ૧૦.૮ કરોડ ટનનો સોદો થયો છે તે સામે પેટ્રોનેટે તેની સાથે ૧૫ કરોડ ટનનો સોદો કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને કટારની વચ્ચે તરલીકૃત પ્રાકૃતિક ગેસ (એલ.એન.જી.) અંગે દુનિયામાં સૌથી મોટો સોદો થયો છે. તેથી ૨૦૨૯થી ૨૦ વર્ષ સુધી ભારતને નિર્બંધ લિક્વીફાઇડ નેચરલ ગેસ (એલ.એન.જી.) મળતો રહેશે. ભારત દર વર્ષે ૭૫ લાખ ટન લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) કટાર પાસેથી ખરીદશે. આ દુનિયામાં એલ.એન.જી. સંદર્ભે થયેલા સૌથી મોટા કરારો બની રહેવાને છે તેથી ભારતને સ્વચ્છ એનર્જી મેળવવામાં મદદ થશે.




અધિકારીઓ જણાવે છે કે, મૂળ ૨૫ વર્ષના એક સોદા ઉપર ૧૯૯૯માં હસ્તાક્ષરો થયેલા હતા તેનો અમલ ૨૦૦૪થી શરૂ થયો હતો ત્ભારત કટાર એક પણ કન્સાઇનમેન્ટ ચૂક્યું નથી કે ન તો કોઈવાર કિંમત બદલાવ ઉંચે જવા માટે ભારતે ફરિયાદ કરી હતી કે દોહાએ દિલ્હી ઉપર 'માલ' ન ઉપાડવા માટે કોઈ શિક્ષાત્મક પગલા લીધાં ભારતે '૧૫- '૧૬માં ભાવ ઉંચકાયા હોવાથી એલ.એન.જી. ખરીધો ન હતો. તેમ છતાં કરારો તો યથાવત્ જ રહ્યા હતા.

રાસ-ગેસે હવે કટાર એનર્જીએ મૂળ તો ઇથેન અને પ્રોપેનવાળા 'રીચ' ગેસની આપૂર્તિ માટે કરારો કર્યા હતા જેનો ઉપયોગ પેટ્રો રસાયણ સંકુલોમાં થાય છે તે પ્રમાણે વાર્ષિક ૫૦ લાખ ટન એલએનજીની આપૂર્તિ કરવામાં આવે છે તે વીજ ઉત્પાદન, ખાતર અને સીએનજી (રાંધણગેસ) માટે ઉપયોગમાં લેવાય છે. તેમાં ઇથેન અને પ્રોપેનયુક્ત ગેસ પણ સામેલ છે.

ઓએનજીસીએ કતારથી આયાત કરાનાર એલએનજીનો સરળ ઉપયોગ કરવા માટે ૩૦ હજાર કરોડના ખર્ચે એક સંકુલ સ્થાપ્યું છે. તેનો ઉપયોગ પ્લાસ્ટિક અને ડીટર્જન્ટ રચવા માટે કરાય છે.

ચીનનો આયનોપેક અને નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશને કટાર એનર્જી સાથે ૧૦૮ કરોડ ટનનો સોદો કર્યો હતો. ભારતે ૧૫ કરોડ મે. ટનનો સોદો કરી ચીનને મ્હાત આપી છે.

# ભારત અને ઈંગ્લેન્ડની ટીમે ખંઢેરી સ્ટેડીયમ ખાતે કરી નેટ પ્રેકટીસ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે યોજાનાર ત્રીજી ટેસ્ટ મેચને લઈ રવિવારે ભારત અને ગઈકાલે સોમવારે ઇંગ્લેન્ડ ટીમનું આગમન થતા રાજકોટ ક્રિકેટમય બની ગયું છે. આજે ઇંગ્લેન્ડની ટીમ રાજકોટની ફોચ્યૂર્ન હોટલ ખાતેથી નીકળી જામનગર રોડ પર આવેલા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (ખંઢેરી) સ્ટેડિયમ ખાતે પહોંચી નેટ પ્રેક્ટિસ કરી હતી. આ નેટ પ્રેક્ટિસ દરમિયાન ઇંગ્લેન્ડ ટિમના કેપ્ટન બેન સ્ટોક, જૈક ક્રાઉલી, જેમ્સ એંડરસન, જો રૂટ, જોની બેયરસ્ટો સહિતના ખેલાડીઓ પ્રેક્ટિસ કરતા નજરે પડ્યા હતા. બપોર બાદ ભારતીય ટીમે પણ ખંઢેરી સ્ટેડીયમ ખાતે નેટમાં પરસેવો પાડયો હતો.

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ આગામી ૧૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટના ખંઢેરી સ્ટેડિયમ ખાતે રમાનાર છે. ત્યારે મેચમાં ૨-૧થી સિરીઝમાં આગળ વધવા માટે આજથી બન્ને ટીમના ખેલાડીઓ દ્વારા મેદાન પર નેટ પ્રેક્ટિસ શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે ટીમના કેપ્ટન તેમજ કોચ દ્વારા પિચનું પણ નિરીક્ષણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ઇંગ્લેન્ડના ખેલાડીઓએ સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી નેટ પ્રેક્ટિસ કરી હતી. જ્યારે ભારતીય ટીમના ખેલાડીઓ બપોર પછી પ્રેક્ટિસ કરવામાં આવશે.

બે રમાય ચૂકેલી મેચમાં બન્ને ટીમોએ એક-એક મેચમાં જીત મેળવી છે. ત્યારે આગામી ત્રીજી મેચમાં ૨-૧થી સિરીઝમાં આગળ વધવા માટે બન્ને ટીમના ખેલાડીઓ મેદાને ઉતરશે. જેના માટે આજ રોજ મેચ પહેલા બન્ને ટીમો દ્વારા નેટ પ્રેક્ટિસ પણ કરવામાં આવી રહી છે.

# મહર્ષિ દયાનંદ સરસ્વતીજી જન્મોત્સવમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિ અર્પણ કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ યજ્ઞમાં આહુતિ આપીઃ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન દર્શનને ઉજાગર કરતા પ્રદર્શન ખંડની મુલાકાત લઈ મહર્ષિના વિચારો અને સમાજ ઉત્થાનના કાર્યોથી પરિચિત થતાં રાષ્ટ્રપતિ









**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ૨૦૦મા જન્મોત્સવ - જ્ઞાન જ્યોતિ પર્વ - સ્મરણોત્સવની ઉજવણીમાં ભાગ લેવા ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ટંકારા પધાર્યા હતા. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ એ સમારોહ સ્થળ-કરસનજીના આંગણા ખાતે નિર્મિત યજ્ઞશાળામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વૈદિક મંત્રોચ્ચાર સાથે હવનકુંડમાં આહુતિ અર્પણ કરી સમસ્ત જીવોનું કલ્યાણ થાય તેવી મંગલકામના વ્યક્ત કરી હતી. આ મંગળ અવસરે કન્યા ગુરુકુલ, વારાણસીના પ્રાધ્યાપકો તથા છાત્રાઓએ મહાનુભાવોએ વૈદિક મંત્રોચ્ચાર કર્યા હતા.

યજ્ઞમાં આહુતિ આપ્યા પછી રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન દર્શનને ઉજાગર કરતા પ્રદર્શન ખંડની મુલાકાત લીધી હતી અને મહર્ષિના વિચારો અને સમાજ ઉત્થાનના કાર્યોથી પરિચિત થયાં હતાં. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રપતિ શ્રીમતી શ્રીમતી દ્રૌપદી મુર્મુ અને મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલને આ પ્રદર્શન ખંડની વિગતો આપી હતી.

ટંકારા ખાતે ૧૫ એકરમાં નિર્માણ પામનારા જ્ઞાન જ્યોતિ તીર્થની પ્રતિકૃતિના માધ્યમથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આ તીર્થમાં નિર્મિત થનારા સંશોધન કેન્દ્ર, સ્કૂલ, પુસ્તકાલય, રમણીય પરિસર વગેરેની વિગતવાર જાણકારી આપી હતી.

આ પ્રદર્શન ખંડમાં રાષ્ટ્ર નિર્માણ માટે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ખેડેલા પ્રવાસને નકશાના માધ્યમથી રજૂ કરવામાં આવ્યો છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન પ્રસંગોને ચિત્રોમાં અને તેમની સાથે જોડાયેલા ઐતિહાસિક સ્મૃતિ સ્થળોને પણ વિગતો સાથે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના નારી શિક્ષા અને મહિલા સશક્તિકરણના વિચારો ઉપરાંત વેદોમાં રહેલા વિજ્ઞાન ઉપર પ્રકાશ ફેંકતા વિચારો વગેરે આ પ્રદર્શન ખંડમાં દર્શાવવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ઉષ્માભેર આવકાર આપ્યો હતો. આર્ય સમાજના સુરેશચંદ્ર આર્ય, પદ્મશ્રી પૂનમ સુરી, વિનય આર્ય, સુરેન્દ્રકુમાર આર્ય, અજય સહગલ, પ્રકાશ આર્ય સહિતના અગ્રણીશ્રીઓ, આર્ય સમાજ સંસ્થાનના ટ્રસ્ટીઓ, સ્વયંસેવકો અને કાર્યકર્તાઓએ માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને ઉષ્માભેર આવકાર્યા હતા. માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આર્ય સમાજની વિવિધ સંસ્થાઓના આગેવાનો સાથેની સ્મૃતિ સમૂહ તસ્વીરમાં અંકિત કરાવી હતી.

# હળવદના શિવપુરથી માટેલ રોડનું સમારકામ ત્વરિત કરવામાં આવે તેવી ઉઠતી માંગ

## રસ્તા નવા બને તે પહેલાં પડેલાં ખાડા બુરવામાં આવે

**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

હળવદ તાલુકાનો વિકાસ તો થઈ રહ્યો છે પણ હજુ ઘણા બધા એવા રસ્તા છે કે જે નવીનીકરણ માગી રહ્યા છે. કડીયાણા થી વાંકાનેર ને જોડતો રોડ હમણાં થોડા સમય પહેલા જ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા એ જણાવ્યું હતું કે નવો બનશે પરંતુ હાલ પૂરતા આ રોડના ખાડા બુરવામાં આવે તેવી લોકમાં ઉઠી છે, અસંખ્ય શ્રદ્ધાળુઓ માટેલ માતાજીના દર્શન કરવા જતા હોય છે અને યુવાનો રોજગારી માટે સીરામીકમાં બાઇક લઈને અપડાઉન કરે છે જે માટે રોડનું કામ ચાલુ થાય તે પહેલા આ ખાડા પૂરવામાં આવે તેવી રહીશોની લોક માંગ ઉઠી છે.





# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ટંકારા ખાતે 'જ્ઞાન જ્યોતિ તીર્થ'નો શિલાન્યાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આજે મોરબીના ટંકારા ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ૨૦૦મા જન્મોત્સવ-સ્મરણોત્સવ કાર્યક્રમમાં સ્વામી દયાનંદ સરસ્વતીજીની સ્મૃતિમાં સાકાર થનાર જ્ઞાન જ્યોતિ તીર્થનો શિલાન્યાસ કર્યો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તેમણે યજ્ઞમાં આહુતિ પણ આપી હતી.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત આ સમારોહમાં દેશના વિવિધ ક્ષેત્રોમાંથી મોટી સંખ્યામાં આર્યસમાજના સ્વયંસેવકો, લોકો ઉપસ્થિત રહ્યા હતા. ત્રિ-દિવસીય સ્મરણોત્સવના સમાપનમાં બોલતાં ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, મહર્ષિ દયાનંદજીની આ ૨૦૦મી જન્મજયંતી સમગ્ર દેશ માટે ઐતિહાસિક









અવસર છે. આપણી ભારત ભૂમિ ધન્ય ભૂમિ છે, જેમણે મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવી અદભૂત વિભૂતિઓને જન્મ આપ્યો છે. આધ્યામિક પથપ્રદર્શક શ્રી અરવિંદે મહર્ષિ દયાનંદ વિશે કહ્યું હતું કે, તેઓ મનુષ્ય અને સંસ્થાનોના મૂર્તિકાર હતા. આજે આર્ય સમાજના ૧૦ હજાર જેટલા કેન્દ્રો માનવતાના વિકાસ અને કલ્યાણ માટે કાર્યરત છે.રાષ્ટ્રપતિએ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જન્મોત્સવ પ્રસંગે ટંકારા આવવા મળ્યું તેને પોતાનું સૌભાગ્ય ગણાવ્યું હતું. સમગ્ર દેશવાસીઓ તરફથી તેમણે આ પાવન ભૂમિ અને મહર્ષિ દયાનંદજીને વંદન કર્યા હતા. તેમણે આ સમારોહના આયોજન બદલ દિલ્હી આર્ય પ્રતિનિધિ સભા, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક ટ્રસ્ટ - ટંકારા તથા તમામ આર્ય સંગઠનોની સરાહના કરી હતી.

દેશમાં મહિલા શિક્ષણ, દલિત અને આદિવાસી ઉત્કર્ષની હિમાયત કરીને સમગ્ર માનવજાતને સમરસતાનો પાઠ શીખવ્યો હતો:રાજ્યપાલ દેવવ્રતજી

આ પ્રસંગે રાજ્યના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને હૃદયપૂર્વક આવકાર આપતાં જણાવ્યું હતું કે, આર્ય સમાજ એક રાષ્ટ્રવાદી સંસ્થા છે અને પ્રારંભથી જ દેશનો વિકાસ જ તેનું લક્ષ્ય રહ્યું છે. સંસ્કારોનું સિંચન, શારીરિક અને સામાજિક વિકાસ અને દેશની ઉન્નતિનો ઉલ્લેખ આર્ય સમાજના નિયમોમાં છે. સંસારનું ઉત્થાન કરવું એ આર્ય સમાજનું મુખ્ય લક્ષ્ય છે.

રાજ્યપાલ એ જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદજીએ કપરા સમયમાં દેશમાં મહિલા શિક્ષણ, દલિત અને આદિવાસી ઉત્કર્ષની હિમાયત કરીને સમગ્ર માનવજાતને સમરસતાનો પાઠ શીખવ્યો હતો. સ્વામી દયાનંદજીએ ગૌ કૃષિ આદિ રક્ષિણી સભાની સ્થાપના કરીને દેશની આર્થિક વ્યવસ્થા સુદ્રઢ બને તે માટેના પ્રયાસો કર્યા હતા. સ્વામી દયાનંદજીએ સ્વદેશીના નારા સાથે આઝાદીનું બ્યૂગલ વગાડીને દેશમાં ક્રાંતિકારી સેનાનું નિર્માણ કર્યું હતું.

# મોરબીના પીપળીયા ચાર રસ્તા નજીક આઠ ગાયોના ટ્રેન નીચે કચડાઈ જવાથી મોત

## દસ પશુઓ ટ્રેન હડફેટે ચડતા આઠના સ્થળ ઉપર મૃત્યુ થયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પીપળીયા ચાર રસ્તા નજીક દસ ગાયો ટ્રેન હડફેટે આવી જતા જેમાં આઠેક ગાયોના મોત નિપજ્યા હતા જ્યારે બે ગાયો ઈજાગ્રસ્ત હાલતમાં જીવતી રહી ગયી હતી જે બંને ગાયોને જીવદયાપ્રેમી યુવાનો દ્વારા તાત્કાલિક મોરબી યદુનંદન ગૌશાળાએ સારવારમાં લઇ જવાઈ હતી.

મળતી માહિતી અનુસાર ગઈકાલ તા.૧૨/૦૨ના રોજ સાંજના સમયે પીપળીયા ચાર રસ્તા પાસે ફાટક નજીક દશ જેટલી ગાયો ઉભી હતી ત્યારે અચાનક ધસમસતી ટ્રેન પસાર થતા તમામ ગાયો ટ્રેન હડફેટે આવી હતી ત્યારે આ કરૂણાંતિકા બનાવમાં અંદાજે આઠ ગાયોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે બે ગાયો ઘાયલ અવસ્થામાં જીવતી હોય ત્યારે ત્યાંથી પસાર થતા સેવાભાવી યુવાનોએ આ ગાયોને સારવાર માટે યદુનંદન ગૌશાળા ખાતે મોકલી હતી અને મૃત તમામ ગાયોને જેસીબીની મદદથી રોડની સાઈડમાં ખેસેડી અને આ તમામ મૃત ગાયોના વિધિ અનુસાર અંતિમ સંસ્કાર કરવામાં આવશે તેવી હાલ માહિતી પ્રાપ્ત થઇ છે.

ત્યારે આ ભાગીરથી સેવાકાર્યમાં હરેશભાઇ ડાંગર, માધવ ભાડજા, વિનાયકભાઈ મેરજા, વિજયભાઈ મિયાત્રા, મહેશભાઈ મિયાત્રા, રાજ પડસુંબીયા, હર્ષદીપદીપ સિંહ જાડેજા ,ભરતભાઇ લોખીલ, રવિભાઈ ડાંગર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## વાહનચોરીનો ભેદ ઉકેલાયો

# જામનગર-ધ્રોલ-રાજકોટ અને મોરબીમાંથી ચાર વાહનોની ચોરી કરી લીધાની કબુલાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે ખારવા રોડ પર વોચ ગોઠવી એક વાહનચોરને ઝડપી લીધો છે. જેણે જામનગર શહેર-ધ્રોલ -રાજકોટ અને મોરબીમાંથી ચાર વાહનોની ચોરી કરી લીધાની કબુલાત આપી છે.જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું, જે ખારવા ગામ પાસેથી મોટરસાયકલમાં શંકાસ્પદ હાલતમાં જઈ રહેલા પ્રોલના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા એજાજ અલ્લારખા વાઘેર નામના શખ્સને આંતરી લીધો હતો, અને



પૂછપરછ કરતાં તેના કબ્જા માંથી ચોરાઉ મોટરસાયકલ મળી આવ્યું હતું. જેથી પોલીસ દ્વારા તેની અટકાયત કરી લેવામાં આવી હતી.ધ્રોલ પોલીસ દ્વારા તેની વધુ પૂછપરછ હાથ ધરતાં તેણે જામનગર શહેર- ધ્રોલ -રાજકોટ શહેર અને મોરબીમાંથી જુદા જુદા સમયે બે મોટરસાયકલ અને બે સ્કૂટરની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી, અને તેણે સંતાડેલા બે સ્કૂટર અને બાઈક સહિતના વધુ ત્રણ વાહનો કાઢી આપ્યા હતા. આથી પોલીસે કુલ બે મોટરસાયકલ અને બે સ્કૂટર સહિતના ચાર વાહનો કબજે કરી લીધા છે.

# જામનગર તાલુકાના આમરા ગામમાં દીકરીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી- જામનગર દ્વારા સમગ્ર જિલ્લામાં કિશોરી અને મહિલા જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. જામનગર તાલુકાના આમરા ગામમાં આમરા કન્યા શાળા ખાતે દીકરીઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જાતિગત સમાનતા, મહિલાઓના હક-અધિકારો, કિશોરીઓમાં કુપોષણ અટકાવવા માટેના પગલાં, બાલિકા પંચાયત અને શારીરિક સ્વચ્છતા જાળવવા વિશેની માહિતી આપવામાં



આવી હતી. કાર્યક્રમના અંતે દીકરીઓને હાઈજીન કીટ અને પ્રોડક્ટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ૮૫ જેટલી દીકરીઓ સહભાગી બની હતી. ઉક્ત સમારોહમાં, શાળાના પ્રિન્સિપાલ, સ્ટાફ મિત્રો, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન માંથી અસ્મિતાબેન અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા.

# જસદણમાં દાતાઓનો સન્માન સમારંભ યોજાશેઃ બાવળિયાના અધ્યક્ષસ્થાને બેઠક મળી



**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણઃ** જસદણ વિછીયા સર્વ સમાજ સમૂહ લગ્ન સમિતિ તથા કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અધ્યક્ષ સ્થાને વિછીયા તાલુકાના અમરાપુર શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નમાં સેવા તથા પોતાનુ યોગદાન તથા પરોપકારી દાતાશ્રીઓએ દીકરીઓને કરિયાવર અને દાન આપેલ તે તમામ દાતાઓને મંત્રી કુવરજીભાઈ બાવળીયા દ્વારા સન્માન કરવા આવશે તે અંગે આજે જસદણના રજવાડી પશુઆહારના માલિક અને ઉધોગપતિ હિરેનભાઈ સાકરીયા તથા પૂર્વ નગરપતિ ધિરુભાઈ અધ્યક્ષતામાં એક મીટીંગ હ

યોજાય હતી જેમાં દાતાઓનું સન્માન કરવા અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી દેશી ભોજન સાથે દાતાઓનુ જાજરમાન બહુમાન સન્માન કાર્યક્રમ ના સમય અને તારીખ નક્કી કરવા માટે આ મીટીંગ યોજી હતી આ મિટિંગમાં રાજગોર બ્રાહ્મણ સમાજના અગ્રણી સુરેશભાઈ જોશી ખેડૂત અગ્રણી નરેશભાઈ ચોહલીયા શહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# મોરબીના દરબાર ગઢ પાસે વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા એકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં દારૂ જુગારની બદીને ડામવા મોરબી જીલ્લા પોલીસ પ્રયત્નશીલ હોય ત્યારે આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખી આવી પ્રવૃત્તિ કરતા ઈસમોને ઝડપી લેવા સતત કાર્યરત હોય ત્યારે સીટી એ ડિવિઝન પોલીસે મોરબીના દરબાર ગઢ નજીક જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા એકને રોકડા ૧૦,૫૮૦/-સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે દરબાર ગઢ નજીક જાહેરમાં જાહેરમાં કાગળની ચીટ્ટીમા જુદા જુદા ગ્રાહકો સાથે સંપર્ક કરી વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી આરોપી અશ્વીનપરી બચ્ચુપરી ગૌસ્વામી ઉવ.૫૪ રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ છોટાલાલ પેટ્રોલ પંપ પાસે મેઇન રોડવાળો જુગાર રમી રમતા જુગાર સાહિત્ય વર્લી ફીચરના આંકડા લખેલ એક કાગળની ચીઠી તથા બોલપેન તથા રોકડ રકમ રૂ.૧૦,૫૮૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા તેની અટક કરી આરોપી વિરુદ્ધ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

## ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ માર્ગ સલામતીના શપથ ગ્રહણ કર્યા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુંના માર્ગદર્શન તળે અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા અને પોલીસ ઈન્સપેકટર એમ.બી.ગજ્જરના નિર્દેશ મુજબ સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ- ૨૦૨૪.હેઠળ વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા.૧૪ ફેબ્રુઆરી સુધી ટ્રાફિક શાખા, જામનગર દ્વારા નાગરિકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ લાવવા માટે તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

જે અન્વયે, જામનગર શહેરમાં સ્થિત ડી.કે.વી કોલેજના કેમ્પસ ખાતે ટ્રાફિક અવેરનેસ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વેને ટ્રાફિક અવેરનેસ અંગેની જાણકારી અને ટ્રાફિકના નિયમો વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ માર્ગ સલામતી અને ટ્રાફિક અવેરનેસ અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.આ કાર્યક્રમમાં, નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલા, પોલીસ ઈન્સપેક્ટર એમ.બી.ગજ્જર, પોલીસ સબ ઈન્સ્પેકટર બી.એસ.વાળા, સંસ્થાના આચાર્ય રાજેશભાઈ પુરોહીત, હુસેન મેડિવાલા, ટ્રાફિક શાખાના જવાનો, સંસ્થાના કર્મચારીગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ખાનગી શાળા દ્વારા ફી નિર્ધારણા કમિટી નાબૂદીની માંગ ગેરવ્યાજબીઃ કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયની ખાનગી શાળાઓ દવારા ફી નિર્ધારણા કમિટીની નાબૂદી માટે માંગ કરાઈ છે. ૨૦૧૭માં ખાનગી શાળા દવારા કરવામાં આવતા તોંત્તીંગ ફી વધારાને ડામવા આ કમિટીની નિમણૂંક કરાઈ હતી. પરંતુ ભાજપની નીતીરીતીથી કંટારી શાળાના સંચાલકો દવારા આ કમિટીને બરખાસ્ત કરવા માંગ કરાઈ છે. જેની સામે કોંગ્રેસ



પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દવારા પ્રાયમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી માટે અનુક્રમે રૂ.૧૫ હજાર, ૨૫ હજાર તેમજ 30 હજાર નક્કી કરાયા છે. પરંતુ ખાનગી શાળાઓ દવારા આ ફી હાલ લાખ રૂપિયાથી ઉઘરાવવામાં આવી રહી છે. તેઓએ જણાવ્યું કે દેશમાં કોમન એજ્યુકેશન એક્ટ હોવો જોઈએ.

# થાનમાં બે શખ્સોએ કારખાનેદાર પાસે માંગી રોજના રૂા.૨૦ હજારની ખંડણી

## કાર લઈ કારખાનાના દરવાજે ઉભા રહી ચોકીદારને છરી બતાવી શેઠને જાનથી મારી નાંખવાની ધમકી આપીઃ બે શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**


સીરામીકના કારખાને તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૨ શખ્સો કાર લઈને આવ્યા હતા. અને મેઈન ગેટ પાસે ઉભા રહી કારખાનાના ચોકીદારને છરી બતાવી તારા શેઠને કહેજે રોજના રૂપીયા ૨૦ આપવા પડશે, નહીતર જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી. બનાવની થાન પોલીસ મથકે ૨ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.


થાન સીરામીક ઉદ્યોગનું હબ ગણાય છે. ગુજરાત ઉપરાંત દેશ અને વિદેશમાં થાનમાં બનતી સીરામીકની વસ્તુઓ એકસપોર્ટ થાય છે. ત્યારે થાનમાં અવારનવાર કારખાનાના માલિકોને ખંડણીખોરોનો ત્રાસ રહે છે.

અગાઉ પણ આવા અનેક બનાવ પ્રકાશમાં આવી ગયા છે. ખંડણીખોરોના લીધે થાનના કારખાનેદારો મોરબી અને રાજકોટ શીફ્ટ કરી ગયા હોવાનું પણ સામે આવે છે. ત્યારે વધુ એક કારખાનેદારને ધમકી મળી છે. બનાવની થાન પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ, થાનના જોગાશ્રમ પાછળના વિસ્તારમાં રહેતા અલ્તાફભાઈ અકબરભાઈ વડાવરીયાનું અભેપર રોડ પર હમદમ સીરામીક નામે કારખાનુ આવેલુ છે. તા. ૧૦ના રોજ રાત્રે તેઓ મોરબીથી કાર લઈને પરત ફરતા હતા. તેઓ મોરથળા પહોંચતા કારખાનાના ચોકીદાર નારણભાઈ બચુભાઈ વાલાણીએ તેઓને ફોન કરીને કહ્યુ કે,

થાનના મફતીયાપરામાં રહેતો કનુ કરપડા અને એક અજાણ્યો શખ્સ આપણા કારખાને ગેટ પાસે કાર લઈને આવ્યા છે. મેં ગેટ બંધ કરી દીધો છે. તેઓ છરી બતાવીને કહે છે કે, તારા શેઠને કહેજે કે, દરરોજના રૂપીયા ૨૦ હજાર આપવા પડશે નહીતર જાનથી મારી નાંખીશ. આથી અલ્તાફભાઈ સીધા કારખાને જઈ નારણભાઈને લઈને પોલીસ મથક પહોંચ્યા હતા. આ અંગે અલ્તાફભાઈએ કનુ કરપડા અને એક અજાણ્યા શખ્સ સામે રોજના ૨૦ હજારની ખંડણી માંગી, જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. બનાવની વધુ તપાસ પીએસઆઈ ઝેડ.એલ.ઓડેદરા ચલાવી રહ્યા છે.

# જામનગરમાં રોટરી કલબ છોટાકાશી દ્વારા યોજાઈ સાઈકલોફન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પર્યાવરણ જાગૃતિ અને ફિટનેશનો સંદેશો આપવા માટે રોટરી કલબ ઓફ છોટીકાશી દ્વારા ૫, ૧૦, ૨૫, ૫૦ અને ૧૦૦ કિલોમીટરની નોન સ્પર્ધાત્મક સાયકલોફનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો થી વૃદ્ધ સુધિની વયનાં લોકો જોડાયા હતાં. રોટરી કલબ ઓફ છોટીકાશી દ્વારા બિન સ્પર્ધાત્મક ધોરણે સાયકલોફનનું આયોજન થયું હતું. જેનો પ્રારંભ પોલીસ હેડ ક્વાટર્સ થી થયો હતો. જુદા-જુદા અંતરની આ સાયકલોફનમાં આશરે ૧૨૦૦ થી વધુ લોકો જોડાયા હતાં. ૫, ૧૦ અને ૨૫ કિ.મી. માટે પોલીસ હેડ ક્વાટર્સથી રોઝી બંદર સુધી, ૫૦ કિ.મી. માટે જામનગર થી ફલ્લા અને ૧૦૦ કિ.મી. માટે ધ્રોલ થી આગળ સુધીનો રૂટ નક્કી કરાયો હતો. સાયકલીસ્ટો માટે રૂટમાં મદદરૂપમાં ડો. અમીત ઓઝા, ડો. રૂપારેલીયા, બે અમ્બુલન્સ અને ૧૦૦ જેટલા સેવાભાવીઓની સેવા લેવાઈ હતી. એક વર્ષમાં બીજી વખત સાયકલફન માટેનો કાર્યક્રમ યોજાયો જેમાં ૧૧૦૦ થી વધુ એન્ટ્રી મળી હતી. જામનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, રોટરી કલબ ઓફ છોટીકાશી જામનગરનાં હોદ્દેદારોએ ઝંડી બતાવી આ સાયકલોફનનો વહેલી સવારે પ્રારંભ કરાવ્યો હતો. જેમાં આશરે ૧૨૦૦ લોકો જોડાયા હતાં

# શહેરમાં કારખાનેદાર સહિત ત્રણ વ્યક્તિ બેભાન થઈ જતાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કારખાનેદાર પ્રૌઢ, યુવક અને બે સંતાનોની માતાનું 9C3M/ રોગના હુમલાથી મોત નીપજતા અરેરાટી વ્યાપી ગઈ છે. રાજકોટના કાલાવડ રોડ ઉપર યોગી પાર્કમાં રહેતા વિનોદભાઈ રામજીભાઈ ભૂત ઉ.૫૨ ઘરે અચાનક ઢળી પડતા બેભાન હાલતમાં હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક કારખાનેદાર હોવાનું અને હાર્ટએટેકથી મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે જયારે યુનીવર્સીટી રોડ ઉપર શિવશક્તિ કોલોનીમાં રહેતો રાહુલ નાનજીભાઈ સોલંકી નામનો ૩૨ વર્ષીય યુવાન મિત્રની ઓફિસે બેઠો હતો ત્યારે અચાનક પરસેવો વળવા લાગતા અને છાતીમાં દુખાવો થવા લાગતા હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં સારવાર દરમિયાન મોત થયું હતું પ્રાથમિક તપાસમાં એક બહેનનો એકનો એક ભાઈ હોવાનું જાણવા મળ્યું છે જયારે રૈયાધારમાં રહેતા જશીબેન ભુપતભાઈ બાવરીયા ઉ.૩૮ નામની પરિણીતાને વહેલી સવારે ઉલટી થયા બાદ ઢળી પડતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં હાર્ટએટેકથી મોત થયાનું જાહેર કરતા યુનીવર્સીટી પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી મહિલાના મોતથી એક પૂત્ર અને એક પુત્રીએ માતાનું છત્ર ગુમાવ્યું છે.

# આગામી તા.૧૬ના જસદણમાં રૂા.૧૮૨ કરોડના ખર્ચે પાણી યોજનાનું ખાતમૂર્હૂત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

જસદણ વાછીયા તાલુકા મા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે સમગ્ર રાજ્યમાં ૧૮૨ વિધાનસભા ક્ષેત્રમાં રૂ. ૨૯૯૩ કરોડના ખર્ચે કુલ ૧,૩૧,૪૫૪ આવાસોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં યોજાયો હતો. રાજકોટ જિલ્લાના જસદણ ખાતે રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના ગુજરાતમાં અનેક કામો પૂર્ણ થયા છે અને આગામી દિવસોમાં બધા કામો પૂર્ણ થતા રાજ્યમાં ક્યાંય પાણીની તંગી નહીં રહે.

અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ લાભાર્થીઓને પી.એમ. આવાસની ચાવી વિતરણ કરવામાં આવી હતી.જસદણ વિંછીયા ક્ષેત્રમાં ૨૦૧૬-૧૭થી લઈને હાલ સુધીમાં ૧૧૦૪ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં જસદણ ગ્રામીણમાં પી.એમ. આવાસ યોજનામાં (ગ્રામ્ય)માં ૨૧૦ આવાસ, જ્યારે આ જ યોજના અંતર્ગત જસદણ શહેરી વિસ્તારમાં ૩૨૩, વીંછિયા ક્ષેત્રમાં ૧૬૫, જ્યારે જસદણ વીંછિયા પંથકમાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ





૩૩૮, જ્યારે આંબેડકર આવાસ યોજનામાં ૬૮ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે.આ તકે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશના નાગરિકોને પાયાની જરૂરિયાતો મળે, સાથે તેને ઘરનું ઘર હોય, રોજગારીની સુવિધા હોય, પાણી, રસ્તા, લાઈટ સાથે પાયાની તમામ જરૂરિયાત પૂરી કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સતત ચિંતા કરવા સાથે પ્રયત્નશીલ છે.તેમણે કહ્યું હતું કે, સમગ્ર સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સૌથી પહેલી યોજના જસદણમાં લાવ્યા હતા. આ સાથે આવતા દિવસોમાં આ પંથકના ચારેય ઝોનમાં પીવાના પાણીની કલ્પના બહારની સુવિધા મળશે તેની નેમ પણ તેમણે વ્યક્ત કરી હતી. મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા જળ જીવન મિશન અંતર્ગતઆ સાથે તેમણે જસદણ, વિંછીયા પંથકમાં થયેલા આરોગ્ય તથા શિક્ષણના થયેલા કામોનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં સૌથી વધુ હાયર અને સેકન્ડરી સ્કૂલો જસદણ પંથકમાં છે. આ સાથે તાલુકા કક્ષાએ વિજ્ઞાન પ્રવાહની કોલેજ માત્ર આ પથંકમાં જ નિર્માણ કરાઈ છે. તેમજ જસદણ, વિંછીયા પંથક માટે ૧૬મીએ સિંચાઈ અને પાણી માટે વધુ ૧૮૪ કરોડથી વધુ રૂપિયાની યોજનાઓના ખાતમુહૂર્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવનાર હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ તકે જસદણ પ્રાંત અધિકારી ગ્રીષ્મા રાઠવાએ સ્વાગત પ્રવચન કર્યુંહતું. જ્યારે જસદણ તાલુકા વિકાસ અધિકારી કે, આર. ચુડાસમાએ આભાર વિધિ વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણી, જસદણ મામલતદાર રાજપગુરુ, જસદણ વિછીયા શહેર તાલુકાના ગ્રામજનો આગેવાનો હોદેદારો કાર્યકરર્તિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનો ૨૮ મે સુધી આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ ડિવિઝનમાં આવેલા અમદાવાદ-પાલનપુર સેકશનના આંબલિયાસણ સ્ટેશન યાર્ડ ખાતે ડાઉન મેઇન લાઇન પરના બ્રિજ નંબર ૧૦૦૧ના પુનઃનિર્માણનું કામ ચાલી રહ્યું છે. આ પુનઃનિર્માણ કાર્યને કારણે, રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનો ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી લઈ ને ૨૮ મે, ૨૦૨૪ સુધી આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. વિગતો નીચે મુજબ છે.

૧) ૧૩ ફેબ્રુઆરીથી લઈને ૨૮ મે, ૨૦૨૪ સુધી ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર અને ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો તેમના નિર્ધારિત રૂટ વાયા વિરમગામ-ચાંદલોડિયા-મહેસાણા ના બદલે આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા વિરમગામ-કટોસણ રોડ-મહેસાણા થઈને જશે. આ ટ્રેનો ચાંદલોડિયા સ્ટેશને નહીં જાય.

૨) ૧૩ ફેબ્રુઆરીથી લઈને ૨૮ મે, ૨૦૨૪ સુધી ટ્રેન નં. ૨૦૯૩૭ પોરબંદર-દિલ્હી સરાય રોહિલ્લા અને




ટ્રેન નંબર ૨૦૯૩૮ દિલ્હી સરાય રોહિલ્લા-પોરબંદર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો તેમના નિર્ધારિત રૂટ વાયા વિરમગામ-ચાંદલોડિયા-મહેસાણા ના બદલે આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા વિરમગામ-કટોસણ રોડ-મહેસાણા થઈને દોડશે. આ ટ્રેનો ચાંદલોડિયા સ્ટેશને નહીં જાય. ટ્રેનોં ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને ચેક કરી શકે છે.

# જામનગરમાં રિક્ષામાંથી 30 બોટલ દારૂ એક આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ એ પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી.ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ . બી.એન.ચૌધરી નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. આર.કે.કરમટા , તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પ્રોહી જુગારના કેશો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા . દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના કિશોરભાઇ પરમાર તથા ધર્મેન્દ્રસિંહ જાડેજાને તેમના બાતમીદારથી મળેલ ખાનગી હકિકત આધારે મજકુર આરોપી આબીદ અકબર સાંધાણી વાઘેર ઉ.વ .૨૩ ધંધો મજુરી રહે.ગરીબનગર પાણાખાણ કાન્તીમીલની બાજુમા બેડી જામનગર વાળા બજાજ વાસ્પા રીક્ષા નં - જી.જે .૨૪ ડબલ્યુ ૦૫૧૪ મા ઇંગ્લીશ દારૂની બોટલ નંગ -30 કિ.રૂ .૧૨,૦૦૦ તથા વાસ્પા રીક્ષા કિ.રૂ .૭૫,૦૦૦ -મળી કુલ કિ.રૂ .૮૭,૦૦૦ ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી મજકુર આરોપી વિરૂધ્ધ પો.હેડ કોન્સ મયુદિન સૈયદ એ ફરીયાદ રીપોર્ટ આપતા





પો.હેડ.કોન્સ.વનરાજભાઇ મકવાણાએ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.દારૂ સપ્લાયર સુનીલ માણેક તથા સાગર હમીર માણેક રહે.બને જામનગર તથા દારૂ વેચાણમા ભાગીદાર ગોપાલ રહે.ખુલ્લી ફાટક બાવરીવાસ જામનગર તથા ભુદો રહે.હાલ જામનગર મુળ રહે.દેવભુમી દ્રવારકા વાળાને પકડવાની કાર્યવાહી ચાલુ છે મજકુર આરોપીઓ વિરૂધ્ધ જામ સીટી સી ડીવી પો.સ્ટે.ગુરન - ૧૧૨૦૨૦૦૨૨૪૦૩૩૫. ૨૦૨૪ પ્રોહી.કલમ ૬૫ એઇ - ૮૧-૯૮ મુજબ ગુન્હો રજીસ્ટર કરાવવામા આવેલ છે આ કાર્યવાહી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ . બી.એન.ચૌધરી ના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા , નાનજીભાઇ પટેલ , હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , દિલીપભાઇ તલવાડીયા , હરદિપભાઇ ધાધલ , વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી , હિતેન્દ્રસિંહ જાડેજા , કામસભાઇ બ્લોચ , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , કલ્પેશભાઇ મૈયડ , ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર , દયારામ ત્રિવેદી , બીજલભાઇ બાલાસરા તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામા આવેલ છે .

# જામનગરમાં હરિયા કોલેજથી સાંઢિયા પુલ જતા માર્ગ પર ટ્રકમાંથી ઓઇલ લીકેજ થતાં રેલમછેલ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં હરિયા કોલેજથી સાંઢિયા પુલ બાજુ જતા માર્ગ પર ટ્રકમાંથી ઓઇલ લીકેજ થતાં માર્ગ પર રેલમછેલથી અનેક વાહનચાલકો સ્લીપ થયા હતાં. બનાવની જાણ થતાં મનપાની ફાયર અને સોલીડ વેસ્ટ શાખાએ માર્ગ બંધ કરાવી ધૂળ નાખી ચીકાસ ઘટાડી હતી.જામનગરમાં સોમવારે સવારે ૭ વાગ્યા આસપાસહરિયા કોલેજથી સાંઢીયા પુલ બાજુ જતા માર્ગ પર પસાર થતાંએક ટ્રકમાંથી અચાનક ઓઇલ લીકેજ થયું હતું. આથી માર્ગ પર ઓઇલની રેલમછેલ થઇ હતી.આથી આ માર્ગ પરથી પસાર થતાંઅનેક ટુ વ્હીલર ચાલકો સ્લીપ થઇ ગયા હતાં. જેમાં કેટલાક વાહનચાલકોને નાની તો અમુક વાહનચાલકોને ગંભીર ઇજા પહોંચી હતી. માર્ગ પર ઓઇલ લીકેજની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાની ફાયરઅનેસોલિડવેસ્ટ શાખાના કર્મીઓતાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતાં અનેમાર્ગ બંધ કરાવી સમગ્ર રોડ ઉપર ધૂળ નાખી અને ઓઇલની ચીકાશને ઘટાડી હતી. સાથે સાથેઅકસ્માત ન બને એ માટે પગલા ભર્યા હતાં.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા વૈજ્ઞાનિક દિવસ' નિમિત્તે મહિલા વૈજ્ઞાનિકોના પ્રોજેક્ટનું નિદર્શન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૧૧ ફેબ્રુઆરીને નઇન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઇન સાયન્સથ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. જાતીય સમાનતા એ યુનેસ્કોની વૈશ્વિક પ્રાથમિકતા છે. તે કન્યાઓને તેમના શિક્ષણ માટે ટેકો આપે છે અને તેને લગતી તકો પૂરી પાડે છે. ત્યારે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે મહિલાઓ STEM એટલે કે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ ગણિત ક્ષેત્રમાં આગળ વધે તે હેતુથી નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ ૨૦૨૩ની રાજ્યકક્ષાએ ગયેલ ૬ ગર્લ ચાઈલ્ડ





સાયન્ટીસ્ટને તેઓનું સંશોધન કાર્ય પ્રદર્શિત કરવા માટે પ્લેટફોર્મ પુરુ પાડ્યું હતું.

આ પ્રસંગે ગવર્મેન્ટ સ્કૂલ નંબર ૯૮ માંથી ગોહિલ અંજલી બાએ નકમ્પેરેટિવ સ્ટડી ઓફ ધ બાયોડાઇવર્સિટી સિચ્યુએશન ઇન રૂરલથ વિષે, નિર્મલા કોન્વેન્ટ સ્કુલની નવ્યા ભટ્ટ અને ભક્તિ જોશીએ 'અ નોવલ સ્ટડી ઓફ બાયો ફર્ટીલાઇઝર એન્ડ નેચરલ પેસ્ટીસાઈડસ' વિષે, ધોળકિયામાં સ્કુલમાંથી જોષી નીલોમી એ 'એક્સપ્લોરિંગ વીડી ઇકો સિસ્ટમ' વિષે, ઈશા પંડ્યાએ નહારનેસિંગ ધ એરોમાઝ ઓફ ફલાવર્સ ઇનટુ ધ પરફ્યુમ' વિશે તથા રાઠોડ કાવ્યાએ 'આયુર્વેદિક પેપર સોપ ફ્રોમ અરીઠા એલોવેરા જેલ' વિષેના પોતાના રીસર્ચ વર્ક વિષે લોકો અને બાળકોને અવગત કર્યા હતા.

# રાજકોટ સિવિલ હોસ્પિટલનો 'માતૃત્વ અને બાળ કલ્યાણ' વિભાગ બન્યો સપ્તરંગી

## 'ચિત્રનગરી' પ્રોજેક્ટ હેઠળ ૫૧ ચિત્રકારોએ બાળકોના વોર્ડમાં ૬૦ થી વધુ ચિત્રો દોરીને દીવાલોને બનાવી રંગબેરંગી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બાળ દર્દીઓને સારવારની સાથે મનને પ્રફુલ્લિત કરતું વાતાવરણ મળી રહે તે હેતુસર સિવિલ હોસ્પિટલના માતૃત્વ અને બાળ કલ્યાણ વિભાગને રંગબેરંગી ચિત્રો થકી સપ્તરંગી બનાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, નવ નિર્મિત MCH - મેટરનલ અને ચાઇલ્ડ હેલ્થ કેર વિભાગનું ટુંક સમયમાં લોકાર્પણ થનાર છે. જેમાં બાળ દર્દીઓને અદ્યતન સારવાર આપવામાં આવશે. ''ચિત્રનગરી'' પ્રોજેક્ટ હેઠળ બાળ દર્દીઓને માટે કુલ ૫૧ ચિત્રકારો દ્વારા ૧૨ કલાકની અંદર ૬૦ થી વધારે ચિત્રો દોરીને માતૃત્વ અને બાળ કલ્યાણ (MCH) વિભાગના દરેક વોર્ડની દીવાલોને રંગબેરંગી બનાવવામાં આવી છે. કુદરતી દ્રશ્ય, પશુ - પક્ષીના ચિત્રો, ઉદ્યાન, નદીની થીમ, સામાન્ય જ્ઞાનની સમજ આપતા સહિતના ચિત્રો દોરવામાં આવ્યા છે તેમ ડો.મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું હતું.

આ તકે સિવિલ હોસ્પિટલના અધિક્ષક આર.એસ.ત્રિવેદી અને બાળ નિષ્ણાંત ડો. પંકજ બુચે બાળકોના વોર્ડને સપ્તરંગી બનાવનાર સર્વે ચિત્રોકારોને પ્રમાણપત્ર અને ભેટ આપીને તેમની કામગીરીને બિરદાવી હતી અને બાળ દર્દીઓની સારવારમાં ''ચિત્રનગરી'' પ્રોજેક્ટ અસરકારક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# બુબવાણા ગામે લટકતો વીજ વાયર ટ્રેક્ટરની ટ્રોલીને અડી જતા બે મહિલા સહિત ત્રણના કરૂણ મોત

## છ મજુરોને સારવારમાં વિરમગામ ખસેડાયાઃ પાટડીના નાયબ કલેક્ટર તથા પીજીવીસીએલની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્યપ્રદેશથી સુરેન્દ્રનગરના પાટડી-દસાડા તાલુકામા ખેત મજૂરી કરવા આવેલ શ્રમિકો બુબવાણા સીમ વિસ્તારમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસી જઈ રહ્યા હતા તે દરમિયાન નમી ગયેલ વીજ વાયર ટ્રેક્ટરની ટ્રોલીને અડી જતા દુર્ઘટના સર્જાઈ હતી જેમાં બે મહિલા સહિત ત્રણના મોત નીપજ્યા હતા અને અન્ય છ શ્રમિક ઈજાગ્રસ્ત થતા વિરમગામ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

બનાવ બાદ પાટડી નાયબ કલેક્ટર, તથા પોલિસ કાફલો બનાવ સ્થળે પહોચ્યો હતો અને રાજકોટથી પીજીવીસીએલની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. બેદરકારીને કારણે દુર્ઘટના સર્જાઈ હોવાની સ્થાનિકોમા ગણગણાટ થયો છે તેથી પીજીવીસીએલ સામે રોષની લાગણી પ્રસરી હતી. આ પ્રકારની ઘટના બનવાનું એક મહત્વનું કારણ સામે આવ્યું છે. ટ્રેક્ટરમાં લોખંડના પતરા લગાવેલા હતા. આ પતરા પાછા દસથી બાર ફૂટ ઊંચા લગાવેલા હતા. તેના લીધે ટ્રેક્ટર ખેતમજૂરોને લઈને પસાર થઈ રહ્યુ હતુ ત્યારે આ પતરાને વીજ વાયર અડી ગયો હતો. તેના લીધે ટ્રેક્ટરમાં બેઠેલાઓને વીજ કરંટ લાગ્યો હતો. મૃતકોમાં બે મહિલા લાડુબેન અને ઉર્મિલાબેન અને એક પુરૂષ કાજુભાઈનો સમાવેશ થાય છે. જ્યારે બાલીબેન, સુખીબેન, નરેશભાઈ, સુરમજી અને રૂદભાઈ ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે વીજકરંટના લીધે બે મહિલા સહિત ત્રણ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ચારથી પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત સ્થિતિમાં હોસ્પિટલ ખસેડાયા છે. નમી ગયેલ વીજ વાયર બાબતે રજૂઆત કરવા છતાં દસાડા પીજીવીસીએલ દ્વારા મેન્ટેનન્સ કરવામાં ન આવતા બેદરકારીના કારણે દુર્ઘટના સર્જાઈ હોવાનું સ્થાનિકોનું માનવુ છે. દાઝી ગયેલા ચારેય મજૂરોની હાલત ગંભીર હોવાનું જણાવાઈ રહ્યું છે.

# નવાગામના છપનીયા ક્વાર્ટરમાં રિક્ષામાં વિદેશી દારૂની ૧૬૮ બોટલ રેઢી મળી

## આજી ડેમ ચોકડી બાયપાસ રોડ પર ૨૪૦ બીયરના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નવાગામમાં આવેલા છપનીયા આવાસના ક્વાર્ટરમાં રિક્ષામાંથી રેઢો મળેલો દારૂ અને બાયપાસ રોડ પર રાધામીરા હોટલ સામે બીયરના જથ્થા સાથે બુટલેગરને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એસ.ગરચર, હેડ કોન્સ.અનિલભાઈ, જનકસિંહ, મહેશભાઈ ચાવડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નવાગામમાં આવેલા છપનીયા આવાસના ક્વાર્ટરમાં દરોડો પાડતા પોલીસને જોઈ ઈમરાન અનવર મોગલ નામનો બુટલેગર રિક્ષા રેઢી મૂકી નાસી જતા પોલીસે રિક્ષાની તલાશી લેતા તેમાંથી ૧૬૮ બોટલ દારૂ મળી આવતા પોલીસે રિક્ષા સહિત રૂ.૧.૧૪ લાખનો મુદામાલ કબજે કરી નાસી ગયેલા ઈમરાનની શોધખોળ શરૂ કરી છે. જ્યારે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ કે.ડી.પટેલ હેડ કોન્સ.વિજયભાઈ, સંજયભાઈ સહિતનો સ્ટાફ આજી ડેમ ચોકડી બાયપાસ રોડ પર હતા ત્યારે રાધામીરા હોટલ સામે ૨૪૦ બીયરના ટીન લઈ નિકળેલો અરબાઝ જાકીર શેખ (રહે.કાલાવડ રોડ પુષ્કરધામ કેવલમ ક્વાર્ટર હાલ ભગવતીપરા)નામના બુટલેગરને દબોચી લઈ રૂ.૪૦ હજારનો મુદામાલ કબજે ર્ક્યો છે.








# એટીએમ સેન્ટરમાં રિક્ષા ચાલકને મદદ કરવાના બહાને ગઠીયાએ રૂા.૪૫ હજાર ઉપાડી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વૃદ્ધ રિક્ષાચાલકને મદદ કરવાના બહાને શખસે ૪૫ હજાર ઉપાડી લીધાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટની શહિદ ઉધમસિહ ટાઉનશીપમાં રહેતા અને રીક્ષા હંકારતા બોદુભાઈ હસનભાઈ સોલંકી ઉ.૬૦ નામના વૃદ્ધ ગત ૩૦ જાન્યુઆરીએ જીમખાના એસબીઆઈ બેંકના એટીએમમાં ગયા હતા ત્યારે એક શખસ બાજુમાં ઉભો હોય તેણે મદદ કરવાનું કહી પ્રોસેસમાં મદદ કરી હતી અને પૈસા જમા થઇ ગયા બાદ શખસે એટીએમ કાર્ડ કાઢી પરત આપી દીધું હતું ત્યાર બાદ રાત્રે મોબાઈલમાં ૨૦ હજાર એટીએમમાંથી ઉપડડ્યા હોવાનો મેસેજ આવતા શંકા જતા પોતાની પાસે રહેલ એટીએમ ચેક કરતા તે કોઈ જમનાદાસ માલવિયાના નામનો હોવાનું જાણવા મળ્યું છે બાદમાં ગુગલ પે એકાઉન્ટ ચેક કરતાકટકે કટકે ખાતામાંથી ૪૫ હજાર ઉપડી ગયાનું જાણવા મળતા આ અંગે એ ડીવીઝન પોલીસમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

# શાપર-વેરાવળમાં યુવાનનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## માંગરોળના તાલોદ ગામના પ્રેમી પંખીડા ભાગીને લોધીકાના રાવકી ગામે રહેતા હતાઃ પ્રેમિકાને પરિવારજનો લઈ ગયા બાદ ધમકી આપતા યુવાને પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માંગરોળ તાલુકાના તાલોદ ગામે રહેતો યુવાન ગામમાં જ રહેતી પ્રેમીકાને ૩ માસ પૂર્વે ભગાડી ગયો હતો અને બન્ને લોધિકાના રાવકી ગામમાં રહી કારખાનામાં કામ કરતાં હતા. બાદમાં યુવતી પોતાના માવતર પાસે પરત ચાલી જતાં યુવતીના પરિવારે પ્રેમી યુવકને ગામમાં નહીં આવવા બાબતે ધમકી આપતાં યુવાને શાપરમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસો ર્ક્યો હતો. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ માંગરોળ તાલુકાના તાલોદ ગામે રહેતા હિતેશ મુનાભાઈ ચુડાસમા નામનો ૨૪ વર્ષનો યુવાન શાપર- વેરાવળમાં આવેલા બસ સ્ટેશન પાસે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં હિતેશ ચુડાસમા ત્રણ માસ પૂર્વે પોતાના જ ગામની યુવતીને ભગાડી ગયો હતો અને બન્ને રાવકી ગામે કંપનીમાં નોકરી કરતાં હતા. પરંતુ પ્રેમિકા માવતર પાસે પરત ચાલી ગયા બાદ પ્રેમિકાના પરિવારે હિતેશ ચુડાસમાની તું ગામમાં નહીં આવતો' તેવી ધમકી આપી હતી. પ્રેમિકાના પરિવારની ધમકીથી હિતેશ ચુડાસમાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ ર્ક્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે શાપર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લગ્નપ્રસંગમાં બંદુકમાંથી ભડાકા કરવાનું રાજકોટના યુવકને ભારે પડ્યું

## સોશિયલ મીડિયામાં વિડિયો વાઈરલ થયા બાદ આટકોટ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરીઃરીબડા ગામે પેટ્રોલપંપમાં થયેલી લૂટનો આરોપી છત્રીસ વર્ષે ઝડપાયોઃગોંડલ તાલુકા પોલીસે ૭૦ હજારની કિંમતના ગૂમ થયેલા મોબાઈલ અરજદારોને પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રીલ બનાવવા પાછળ યુવાધન ઘેલુ બન્યું છે ત્યારે કેટલાક છેલબટાવો યુવાનો દવારા વાંધાજનક વિડિયો પોસ્ટ કરી સમાજમાં ભયનો માહોલ ઉભો કરવાનો પ્રયાસ કરતા પોલીસે આવા શખ્સો સામે લાલઆંખ કરી છે. જસદણ તાલુકાના સાણથલી ગામે લગ્નપ્રસંગમાં ભડાકા કરતો વિડિયો પોસ્ટ ર્ક્યા બાદ આટકોટ પોલીસે રાજકોટના શખ્સની ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતિ મુજબ જસદણ તાલુકાના સાણથલી ગામે દિલીપભાઈ જેબલીયાના ઘરે લગ્નપ્રસંગમાં આવેલા રાજકોટના નાનામવા રોડ પર લક્ષ્મીનગરમાં રહેતો આદિત્ય ભાવેશ વાઘેલા નામના કારડીયા રજપૂત યુવકે વરરાજા પાસે ઉભો રહી લગ્નમાં બંદૂકમાંથી ભડાકા કરતો હોય તેઓ વિડિયો બનાવી સોશિયલ મિડિયામાં પોસ્ટ ર્ક્યો હોય જેના પગલે આટકોટ પોલીસના પીએસઆઈ જે.એસ.સિસોડીયા, હેડ કોન્સ.ફાલ્ગુનભાઈ, વાઘાભાઈ, વિનુભાઈ સહિતના સ્ટાફે ગુનો નોંધી હવામાં ફાયરિંગ કરનાર રાજકોટના શખ્સની ધરપકડ કરી છે.





જ્યારે એક બનાવમાં રૂરલ પેરોલ ફર્લો સ્કોડના ઈન્ચાર્જ પીઆઈ વી.વી.ઓડેદરા પીએસઆઈ એસ.જે.રાણા હેડ કોન્સ.હિતેષભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ૨૬ વર્ષ પહેલા રિબડા હાઈવે પર પેટ્રોલપંપ પર પથ્થરમારો કરી લૂટ ચલાવી નાસી ગયેલો ભજન ઉર્ફે કેસીયો ફૂલીયા નટ નામનો શખ્સ વડોદરા રેલવે સ્ટેશન ખાતે હોવાની હકીક્તના આધારે રૂરલ પોલીસની ટીમ દોડી જઈ લૂટના આરોપીની ધરપકડ કરી છે. જ્યારે ગોંડલ તાલુકાના પોલીસના પીએસઆઈ જે.એમ.જાલા તથા એએસઆઈ મહિપાલસિંહ, ગુણવતભાઈ સહિતના સ્ટાફે સીઈઆઈઆર પોર્ટલના ઉપયોગથી અરજદારોના ગુમ થયેલા રૂ.૭૦ હજાર કિંમતના પાંચ મોબાઈલ શોધી અરજદારોને પરત કરવામાં આવ્યા છે.

# કલ્યાણ જ્વેલર્સના શો રૂમમાંથી રૂ.૨.૧૭ લાખના સોનાના ચેનની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના હાર્દસમા યાજ્ઞિક રોડ પર આવેલા કલ્યાણ જ્વેલર્સના શો રૂમમાંથી રૂ.૨.૧૭ લાખના સોનાના ચેનની ચોરી થઈ હોવાની ફરિયાદ એ-ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રેલનગર મેઈન રોડ પર આવેલા રામેશ્વર-૪માં જસરાજ કોમ્પ્લેક્ષના બીજા માળે રહેતા અને યાજ્ઞિક રોડ પર આવેલા કલ્યાણ જ્વેલર્સના શો રૂમમાં મેનેજર તરીકે ફરજ બજાવતા રાજેભાઈ વિનોદભાઈ ધીનોજા નામના સોની યુવાને એ-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે સવારના પોણા અગિયાર વાગ્યાથી રાત્રીના દસ વાગ્યા દરમિયાન શો રૂમમાં કોઈ અજાણ્યા શખ્સે કર્મચારીઓની નજર ચૂક્વી એક સોનાનો ચેન ૩૨ ગ્રામ ૧૦૦ મીલી ગ્રામનો કિંમત રૂ.૨.૧૭લાખનો નજર ચૂક્વી ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે એએસઆઈ નીતાબેન ડાંગરે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# હુડકો ચોકડી પાસે ઝડપાયેલાં રૂા.૭૩.૮૩ લાખના નશીલા શીરપ પ્રકરણમાં એક આરોપીના જામીન મંજુર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ચકચાર જગાવનાર આયુર્વેદિક નશીલા સિરપકાંડમાં સંડોવાયેલા વધુ એક આરોપીના જમીન અરજી કોર્ટે દ્વારા મંજૂર કરી છે.

આ કેસની હકીકત મુજબ હુડકો ચોકડી સર્વિસ રોડ માધવ પાર્કિંગમાં આઈસર મળી પાંચેય ગાડીઓમાં આયુર્વેદિક હર્બલતા.૩૦/૭/૨૩ની ૧૨ રાતે ડી.સી.બી.ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી આઇસર ગાડીની તલાસી લેતા જેમાં બોકસમાં હર્બલ આયુર્વેદીકની બોટલો ભરેલ પુઠાના બોક્સ હોય જે ચોક્કસ બાબતે આઈસર ગાડીના ડ્રાઈવરો પાસે કોઈ આધાર પુરાવા કે લાયસન્સ વગરનો લાખો જથ્થો સાથે એરોપીઓ ધર્મેન્દ્ર ડોડીયા, રૂપેશ, ડોડીયા, અશોક ચૌહાણ, જયરાજ ખેરડીયા વિગેરે ધ્વારા આલ્કોહોલ ભેળવી આયુર્વેદિક દવા નામે નશાકારી સીરપની બોટલો ઉપર ખોટા નામવાળા બનાવટી સ્ટીકરો મારી ગુનાહિત કાવતરૂ રચી આયુર્વેદિક હર્બલ પીણાની બોટલો આઇસર મળી

પાંચેય ગાડીઓમા આયુર્વેદિક હર્બલ પીણાની બોટલો પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હોય જેની કિંમત આશરે રૂા. ૭૩,૮૭,૫૦૦/- નો આરોપીઓએ સામે ધોરણસરની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.જે સીરપ કાંડમાં સંડોવાયેલા આરોપી સુરપાલસિહ મુલુભા જાડેજાની ધરપકડ કરવામાં આવતા. આરોપીએ તેમના વકીલ મારફત રાજકોટની સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી.જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બન્ને પક્ષકારોની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા એડવોકેટ દ્વારા કરવામ આવેલી દલીલો અને રજૂ રાખેલ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાનમાં લઈ કોર્ટેએ આરોપી સુરપાલસિહ મુલુભા જાડેજાની જામીનુ અરજી શરતોને આધિન મંજુર કરતો હુકમ કર્યો છે.કેસમાં આરોપી વતી સજ્જનબા.એન.પરમાર રાજવીરસિંહ પી. ઝાલા, પ્રવીણ.એસ.થાનકી, દુષ્યંત સિંહ જાડેજા અને આસિસ્ટન્ટ અમરદીપસિ જાડેજા રોકાયા હતા.

# પ્રેમિકાએ સંબંધ તોડી નાંખતા પ્રેમીનો ફાંસો ખાઈ આપઘાતઃ પ્રેમિકા અને તેના ભાઈએ લાશ સગેવગે કરી

## માળિયા હાટીનાના લાઠોદ્રા ગામમાં બનેલી ઘટનાઃ પોલીસે તપાસ હાથ ધરી બંનેની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માળિયા હાટીનાના લાઠોદ્રા ગામમાં પ્રેમિકાએ સબંધ તોડી નાખતા પ્રેમી યુવાને રાતે પ્રેમિકાને ફોન કરીને તેણીની જ વાડીના ઢાળિયામાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો, ત્યાર બાદ પ્રેમિકાએ અને તેના ભાઈએ મળીને યુવાનની લાશને નીચે ઉતારી એકટીવામાં દુર વોંકળા પાસે મૂકી દઈને ચુંદડી સળગાવી નાખ્યાની સનસનાટી ભરી ઘટના સામે આવતા પોલીસે યુવકને મરી જવા મજબુર કરવા અને પુરાવાનો નાસ કરવા સબબ ગુન્હો નોંધીને બંનેની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ માળિયા હાટીના મામલતદાર કચેરી પાસે અરજી લખવાનું કામ કરતા માતા- પુત્ર મનિષાબેન નારણભાઈ લખધીર ઉ.૬૦ અને દીપક નારણભાઈ લખધીર બને છેલ્લા ૭ વર્ષથી લાઠોદ્રા ગામમાં રહે છે, અને દીપકને તેમના ગામના પરબતભાઈ દાનાભાઈ ઝણકાંતની દીકરી કાજલ સાથે પ્રેમ સબંધ હતો, બને મળતા અને વાતો કરતા હતા, ત્યારે બને વચ્ચે છેલ્લા બે દિવસથી સ્કુલની પરીક્ષાની ફી બાબતે માથાકૂટ થયેલ હતી, જે બાબતથી દીપક પરેશાન હતો, આ અંગે મનીષાબેને ફરિયાદમાં જણાવ્યાનુસાર દીપક તા.૧૧ ના રોજ રાતે ૧૦.૪૫ કલાકે ઘરે આવીને સુઈ ગયેલ હતો.

બીજા દિવસે સવારે દીપક ઘરમાં ના હોવાથી માતા અને તેની બહેન શોધખોળ કરવા લાગ્યા હતા, તે અરસામાં દીપકના મિત્ર વિજયે મનીષાબેનને એવું કહ્યું કે, ગતરાતે દીપક તેને મળ્યો હતો, અને એવું કહેતો હતો કે, તે કાજલની વાડીએ ગયેલો અને તેની પરીક્ષાની ત્રણ હજાર ફી આપવાની વાત કરતા કાજલે પૈસા લીધા ના હતા, બાદમાં દીપકે તે રકમ કાજલના ભાઈ કાંધલને ઓનલાઈન કરી આપ્યા પરંતુ તે રકમ કાંધલએ તેને પરત આપી દીધી હતી, તે બાબતે વાંધો થયો હતો.

તે અરસામાં જાણવા મળ્યું કે, દીપકની લાશ ગામની સીમમાં પરબતભાઈની વાડીથી દુર વોંકળા પાસેના ઝાડ નીચે પડેલી છે, જે બાબતે માળિયા પીએસઆઈ પી.કે.ગઢવીએ જણાવ્યું કે, આ કેસમાં તપાસમાં એવું સામે આવ્યું છે કે, દીપકે ગતરાતે તેની પ્રેમિકા કાજલને ફોન કરીને કહ્યું કે, પોતે મરી જશે છતાં કાજલે આ બાબતે કોઈને જાણ ના કરી, તે અરસામાં દીપકે કાજલની વાડીના મકાનના ઢાળિયામાં ચુંદડી વડે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.બાદમાં આ કામના આરોપી કાજલ અને તેના ભાઈ કાંધલે પોલીસને જાણ કર્યા વગર લાશને નીચે ઉતારી એકટીવામાં દુર વોંકળા પાસે મૂકી દીધી અને ચુંદડીને સળગાવી નાખી હોવાનું સામે આવતા પોલીસે મનીષાબેનની ફરિયાદ પરથી કાજલ અને તેના ભાઈ કાંધલ સામે આઈપીસી કલમ ૩૦૬, ૨૦૧૪, ૧૧૪ અન્વયે ગુન્હો દાખલ કરીને ધરપકડ કરી છે. દીપક અને કાજલ વચ્ચે પ્રેમ સબંધ હતો. અને કાજલે સબંધ તોડી નાખી દીપકને માનસિક ત્રાસ આપી તેની સાથે જીવવાનો કોલ આપેલ હોય.જે નિભાવેલ નહી અને તેના વગર દીપક જીવી શકે તેમ ન હોય જેથી દીપકે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# શહેરમાં એક વિકૃત શખ્સે બે બાળા સાથે કર્યા અડપલા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એક વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં રમતી બે બાળકીઓ સાથે જુદા જુદા સમયે એક શખસએ શારીરિક છેડછાડ કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે ૧૧ અને ૧૪ વર્ષની બે દીકરીને એક જ સાયકો જેવા શખસે ગળું દબાવી, કિસ કરી ધક્કો મારી પછાડી દીધાની અને હાથ પકડી ઈશારો કર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. રાજકોટમાં રહેતા કારખાનેદાર યુવાને તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા શખસ સામે



નોંધાવેલી ફરિયાદમાં ૧૪ વર્ષની દીકરીએ ફોન કરી તેની સાથે અજાણ્યા શખસે છેડછાડ કર્યાનું જણાવતા અમે તુરંત જ અમારા એપાર્ટમેન્ટ ખાતે પહોચતા ત્યાં લોકો એકઠા થઇ ગયા હતા દીકરીને પૂછતાં તેણીએ જણાવેલ કે હું ગેઇટ બંધ કરી બે કાર વચ્ચેથી ઘરે સીડી તરફ જતી હતી ત્યારે અજાણ્યો શખસ આવ્યો હતો અને મારું ગળું પકડી ગાલે કિસ કરી નીચે પાડી દોડીને ભાગી ગયો હતો જેથી આ અંગે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશને પહોચતા ત્યાં પણ એક ઘર નજીકની અન્ય સોસાયટીમાં રહેતા યુવકની ૧૧ વર્ષની દીકરી ગત ૧૧ તારીખે ફ્લેટના પાર્કિંગમાં રમતી હતી ત્યારે તેણીને અજાણ્યા શખસે હાથ પકડી સેલરમાં આવવા ઈશારો કરતા અન્ય માણસો એકઠા થઇ જતા તે ભાગી ગયાનું જણાવતા સીસીટીવી ચેક કરતા બંને બનાવમાં એક જ શખસ સામેલ હોય પોકસો સહીતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા પીઆઈ વી આર પટેલ સહીતે સાયકો જેવા શખસની શોધખોળ હાથ ધરી છે.

# શિવ વાટીકામાં માનસિક બિમારીથી કંટાળી વૃધ્ધે કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૮૦ ફુટ રોડ ઉપર આવેલી શીવ વાટિકા સોસાયટીમાં રહેતા વૃદ્ધે માનસિક બીમારીથી કંટાળી ઝેરી ટીકડા ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. વૃદ્ધના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં ૮૦ ફુટ રોડ ઉપર આવેલી શિવવાટિકા સોસાયટીમાં રહેતા નટુભાઈ આસારામભાઈ નિમાવત નામના ૮૫ વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા ત્યારે બપોરના બેએક વાગ્યાના અરસામાં ઝેરી ટીકડા ખાઈ લીધા હતા વૃદ્ધને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં વૃદ્ધની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમિયાન નટુભાઈ નિમાવતે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં આરેલાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક નટુભાઈ નિમાવત મૂળ વડીયા પંથકના વતની હતા અને મંદિરમાં પૂજા અર્ચના કરતા હતા થોડા સમય પૂર્વે જ રાજકોટ રહેતા પુત્રના ઘરે નિવૃત્ત જીવન ગાળવા માટે આવ્યા હતા નટુભાઈ નિમાવતને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે નટુભાઈ નિમાવતે માનસિક બીમારીના કારણે ઝેરી ટીકડા ખાઈ લેતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આર.જી. ચૌહાણ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.